BUSINESS મિક્સ Plus

# ટોટલ માર્કેટ ફંડમાં રોકાણ કરતા પહેલા ખર્ચ અને વર્તમાન પોર્ટફોલિયોનો ઓવરલેપ ચકાસો

બીએસઈ ટોટલ માર્કેટ ઈન્ડેક્સ સ્ટોક્સને તેમના ફ્રી-ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશનના આધારે વેઈટેજ આપે છે. આ ઈન્ડેક્સ 1,000 થી વધુ સ્ટોક્સ ધરાવે છે અને લાર્જકેપ, મિડકેપ, સ્મોલકેપ તેમજ માઈક્રોકેપ કંપનીઓને સાંકળીને માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ BSE ઓલકેપ ઈન્ડેક્સના 98 ટકા ભાગને લક્ષ્ય બનાવે છે. માર્કેટના નિષ્ણાત કહે છે કે આ ઈન્ડેક્સ ભારતના કુલ માર્કેટ કેપિટલાઈઝેશનના લગભગ 93 ટકા ભાગને આવરી લે છે. 31 ઓગસ્ટ, 2026 ના રોજ ઈન્ડેક્સમાં લાર્જકેપ કંપનીઓનો હિસ્સો લગભગ 56 ટકા, મિડકેપનો 20 ટકા, સ્મોલકેપનો 10 ટકા અને સ્મોલકેપથી આગળની (માઈક્રોકેપ) કંપનીઓનો હિસ્સો લગભગ 7 ટકા હતો. ટોટલ માર્કેટ ફંડ જુદા જુદા માર્કેટ કેપ સેગમેન્ટમાં અલગ-અલગ નાણાં ફાળવવાની ઝંઝટ ઘટાડે છે. તેઓ કહે છે કે રોકાણની ફિલસૂફી એ છે કે બજારના માત્ર કોઈ એક ભાગને પસંદ કરવાને બદલે સમગ્ર બજારની માલિકી ધરાવવી. બીએસઈ ટોટલ માર્કેટ ઈન્ડેક્સ કુલ 22 ક્ષેત્રોને આવરી લે છે. તેમણે ઉમેર્યું હતું કે વિશાળ અને અનુકૂલનશીલ રોકાણ વિશ્વ રોકાણકારોને ભારતીય મૂડીબજારના વિકાસની સાથે વિશાળ તકોમાં ભાગ લેવાની ક્ષમતા આપે છે. વિધ પ્રકારના સ્ટોક્સમાં એક્સપોઝર હોવાથી ચોક્કસ સ્ટોક-સંબંધિત જોખમ ઘટે છે અને રોકાણકારો આગામી વિજેતા કંપની કે સેક્ટર શોધવાની જંજાળમાંથી મુક્ત થાય છે. સેબી રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર એવા એક નિષ્ણાતે કહ્યું હતું કે ટોટલ માર્કેટ ફંડ રોકાણકારોને સરળતા અને ઓટોમેટિક રીબેલેન્સિંગની સુવિધા આપે છે. તેઓ કહે છે કે જ્યારે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ખૂબ જ સારો દેખાવ જોવા મળે, ત્યારે આવો ઈન્ડેક્સ રોકાણકારોમાં તક ગુમાવવાની બીકને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.

1,000 થી વધુ સ્ટોક્સ ધરાવતો પોર્ટફોલિયો પ્રથમ નજરે ખૂબ જ વૈવિધ્યસભર લાગી શકે છે, પરંતુ ફ્રી-ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશન પર વજન આધારિત હોવાને કારણે મોટી કંપનીઓનું જ પ્રભુત્વ રહે છે. ઈન્ડેક્સના દેખાવનો મોટો આધાર સૌથી મોટી કંપનીઓ પર રહેલો છે. ઓછા વેઈટેજને કારણે ઘણી નાની કંપનીઓનો ઈન્ડેક્સની કામગીરી પર ખાસ પ્રભાવ પડતો નથી. સ્મોલકેપ અને માઈક્રોકેપ કંપનીઓ ઈન્ડેક્સની અસ્થિરતા વધારી શકે છે. સ્મોલકેપ અને માઈક્રોકેપ સામાન્ય રીતે રોકાણકારોના સેન્ટિમેન્ટ અને લિક્વિડિટીની સ્થિતિમાં થતા ફેરફારો પ્રત્યે વધુ સંવેદનશીલ હોય છે, જેથી બજારમાં મંદીના સમયે તેમાં વધુ તીવ્ર ઘટાડો આવી શકે છે. ઈન્ડેક્સના લિક્વિડિટી ફિલ્ટર્સ હોવા છતાં, ઘણી નાની કંપનીઓમાં લિક્વિડિટી ઓછી હોય છે અને ખરીદ-વેચાણ વચ્ચેનો તફાવત પહોળો હોય છે. આવી જામીનગીરીઓને મોટા જથ્થામાં ખરીદવા કે વેચવાથી ઊંચો ઈમ્પેક્ટ કોસ્ટ આવી શકે છે. એક નિષ્ણાતે કહ્યું હતું કે ભારતનું ઓછું ઊંડું બજાર અને મર્યાદિત લિક્વિડિટી ઈન્ડેક્સ

**ટોટલ માર્કેટ ફંડ્સ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા નાની રકમનું રોકાણ કરતા રિટેલ રોકાણકારો માટે અનુકૂળ બની શકે છે. તે કદાચ મલ્ટિપલ ફંડ્સમાં રોકાણ કરવા સક્ષમ ન પણ હોય. ટોટલ માર્કેટ ફંડ તેમને તમામ માર્કેટ કેપ સેગમેન્ટમાં એક્સપોઝર મેળવવાનો એક સરળ માર્ગ આપે છે**



રીપ્લિકેશનને મુશ્કેલ બનાવી શકે છે અને તેનાથી ઊંચો ટ્રેકિંગ એરર આવી શકે છે. બજારમાં જ્યારે ભારે તણાવની સ્થિતિ હોય ત્યારે લિક્વિડિટી ઘટી જાય છે, જેનાથી ખરીદી અને વેચાણ બંને મુશ્કેલ બને છે. આ ફંડમાં કોણે રોકાણ કરવું જોઈએ? ટોટલ માર્કેટ ફંડ્સ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા નાની રકમનું રોકાણ કરતા રિટેલ રોકાણકારો માટે અનુકૂળ બની શકે છે. તે કદાચ મલ્ટિપલ ફંડ્સમાં રોકાણ કરવા સક્ષમ ન પણ હોય. ટોટલ માર્કેટ ફંડ તેમને તમામ માર્કેટ કેપ સેગમેન્ટમાં એક્સપોઝર મેળવવાનો એક સરળ માર્ગ આપે છે. વિવિધ માર્કેટ સેગમેન્ટમાં કેટલી રકમ ફાળવવી તે નક્કી કરવામાં અસમર્થ હોય તેવા રોકાણકારો માટે પણ આ ફંડ અનુકૂળ રહે છે. લાર્જ, મિડ અને સ્મોલકેપમાં જાતે ફાળવણી નક્કી કર્યા વિના બજારનું વૈવિધ્યકરણ ઈચ્છતા રોકાણકારો માટે આ ફંડ્સ યોગ્ય છે. આ ફંડ્સ લાંબા ગાળાના રોકાણકારો અને ઈક્વિટી બજારમાં નવા રોકાણકારો માટે પણ આદર્શ છે. રોકાણકારોમાં ઈક્વિટી બજારની અસ્થિરતા સહન કરવાની ક્ષમતા હોવી જોઈએ અને લાંબા ગાળાનો દ્રષ્ટિકોણ હોવો જોઈએ.

જોકે, જે રોકાણકારો પોતાની ફાળવણી પર વધુ નિયંત્રણ ઈચ્છે છે તેમના માટે આ ફંડ્સ ઓછા અનુકૂળ હોઈ શકે છે. જે રોકાણકારો માર્કેટ કેપ એલોકેશન અંગે સ્પષ્ટ દ્રષ્ટિકોણ ધરાવે છે, મિડકેપ કે સ્મોલકેપમાં વધુ એક્સપોઝર ઈચ્છે છે અથવા વેલ્યુએશન અને માર્કેટ સાયકલના આધારે સેગમેન્ટ્સ બદલતા રહે છે, તેમને આ ફંડ્સ કદાચ પસંદ નહીં પડે. હાઈ નેટવર્થ ઈન્ડિવિજ્યુઅલ્સ જેઓ એલોકેશન અંગે સલાહ આપતા વેલ્થ મેનેજર્સ સુધી પહોંચ ધરાવે છે, તેઓ પણ આ ફંડ્સ ટાળી શકે છે.

ટોટલ માર્કેટ ફંડ્સ રોકાણની સરળતા પૂરી પાડે છે, જ્યારે અલગ-અલગ લાર્જકેપ, મિડકેપ અને સ્મોલકેપ ફંડ્સ રોકાણકારોને ફાળવણી પર વધુ નિયંત્રણ આપે છે. અલગ-અલગ ફંડ્સ રોકાણકારોને તેમની માર્કેટ કેપ ફાળવણીને પોતાની જરૂરિયાત મુજબ કસ્ટમાઈઝ કરવાની તક આપે છે, પરંતુ તેમાં વધુ દેખરેખ અને રીબેલેન્સિંગની જરૂર પડે છે. મલ્ટિપલ ફંડ્સ રોકાણકારોને માર્કેટ

**વેલ્થ ક્રિએશન**

સાયકલ અનુસાર પોતાનો ઝુકાવ બદલવાની સગવડ આપે છે. બજારના રિકવરીના તબક્કામાં મિડકેપ અને સ્મોલકેપ સારો દેખાવ કરી શકે છે. જ્યારે બજારની ટોચ નજીક હોય, ત્યારે રોકાણકારો નુકસાનનું જોખમ ઘટાડવા માટે લાર્જકેપ તરફ વધુ ઝુકાવ રાખી શકે છે. પહેલેથી જ પોર્ટફોલિયો ધરાવતા રોકાણકારોએ તપાસવું જોઈએ કે ટોટલ માર્કેટ ફંડ તેમના પોર્ટફોલિયોમાં વધારાનું વૈવિધ્યકરણ લાવે છે કે નહીં. તેમણે પોતાના હાલના પોર્ટફોલિયો સાથેના ઓવરલેપની તપાસ કરવી જોઈએ. 50-60 ટકાથી વધુ ઓવરલેપ મર્યાદિત ડાઈવર્સિફિકેશન દર્શાવે છે. કોઈપણ ઈન્ડેક્સ ફંડ પસંદ કરતા પહેલા, તેનો એક્સપેન્સ રેશિયો ટ્રેકિંગ એરર, એસેટ્સ અંડર મેનેજમેન્ટ અને મૂળ ઈન્ડેક્સની પદ્ધતિ તપાસવી જરૂરી છે. એક્સપેન્સ રેશિયો પર ખાસ નજર રાખવી. નિફ્ટી 50 ની સરખામણીમાં, આ સેગમેન્ટમાં ફંડ હાઉસો વચ્ચે પૂરતી સ્પર્ધા નથી, જેથી ભવિષ્યમાં એક્સપેન્સ રેશિયો નહીં વધે તેની કોઈ ગેરંટી નથી. ઈટીએફ રોકાણકારોએ વધારાની ચકાસણી કરવી જરૂરી છે.

# એક દિવસના બાઉન્સબેકથી લાવ લાવ કરવું નહીં, હજુ પણ ભારતીય બજારને વૈશ્વિક સંકેતો ઘમરોળશે

વિતેલા સપ્તાહમાં ભારતીય શેરબજારમાં છેલ્લા દિવસે જબરજસ્ત બાઉન્સ બેક જોવાયું હતું. આમ, શેરબજારમાં ઘટાડો અટક્યો હતો, જેથી ટેકનીકલ દ્રષ્ટિએ જોઇએ તો સપોર્ટ લેવલને કુદાવી હતી, જેથી ફરીથી તેજીન દોર શરૂ થઇ શકે તેવી સંભાવના દેખાઇ રહી છે. પરંતુ હજુય ઇરાન-અમેરિકા વચ્ચેનો તણાવ ચાલુ જ છે અને હોર્મુઝ સંદર્ભમાં કોઇ ઉકેલ આવ્યો નથી, ત્યારે તેજીનો દોર આગળ વધે તેની સંભાવના ઘટી જાય છે. વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ શાંત નહીં થાય ત્યાં સુધી એકધાર્યો સુધારો થવો શક્ય દેખાતો નથી, એટલે આ એક દિવસના બાઉન્સબેક ઉપર



## જિયોના આઈપીઓ સમયે ઈલોન મસ્કની ટ્વિટ મુકેશ અંબાણીના આઈપીઓને અસર કરશે?

રોકાણકારો લાવ લાવ ન કરે, હજુય બજારથી સાવચેત રહેવાની જરૂર છે.

એકબાજું ભારતીય અર્થતંત્ર સારી રીતે આગળ વધી રહ્યું છે અને જીડીપી પણ 7.8 ટકા થયો છે, જે વાર્ષિક ધોરણે 7 ટકાની ઉપર રહેવાનો અંદાજ મુકવામાં આવી રહ્યો છે, પણ અલ નીનો ઇફેક્ટ બજારને મોટી અસર કરી શકે છે. તેનાથી કંપનીઓની કમાણી પર અસર પડી શકે છે. ખાસ કરીને આવનારા દિવસોમાં ગ્રામીણ અર્થતંત્ર એક ચિંતાનો વિષય બની શકે છે. અમેરિકા ભારતને હચમચાવવા માટે અનેકવિધ પ્રયાસો કરી રહ્યું છે. ટેરિફ વોરથી શરૂઆત કરી હતી, જેમાં હવે રશિયા પાસેથી ભારત ક્રુડ ખરીદે તો વધારાનો ટેરિફ લગાવે, ત્યારે અમેરિકા ખુદ રશિયા પાસેથી ડિઝલ ખરીદશે. એટલું જ નહીં, આઇટી કંપનીઓને પણ દબાણમાં લાવવા માટે વિઝા નિયંત્રણના પ્રયાસો કરાઇ રહ્યા છે. અમેરિકા ભારતનું નાક દબાવવા માટેના સતત પ્રયાસ થઇ રહ્યા છે.

આ દરમ્યાન સ્ટારલિંક અને ટેસ્લાના માલિક ઇલોન મસ્કે નવું યુદ્ધ શરૂ કરી દીધું છે. તેને ટવીટ કરતા કહ્યું કે, ભારતનો સાચો બોસ કોણ છે, મુકેશ અંબાણી. ત્યારબાદ સતત ટવીટ કરીને મુકેશ અંબાણી સામે મોરચો ખોલી દીધો છે, કેમ કે તેની સીધી લડાઇ મુકેશ અંબાણીના જિયો સાથે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતે ટેલિકોમ સર્વિસીસ માટે લાયસન્સ આપી દીધું છે, પણ ભારતની શરતોનું પાલન કરવું પડશે. આ વિવાદનો મધપૂડો મુકેશ અંબાણી ઉપર પડ્યો છે. આ વિવાદનો મધપૂડો એવા સમયે આવ્યો છે કે જ્યારે મુકેશ અંબાણી જિયો પ્લેટફોર્મનો આઇપીઓ લાવી રહ્યા છે. આ આઇપીઓના સમયે મસ્ક સાથેનો વિવાદ શું આઇપીઓને અસર કરશે કે નહીં તે આવનારો સમય જ બતાવશે.

ભારતીય શેરબજાર અસ્તવ્યસ્ત ચાલી રહ્યું

**માર્કેટ વોચ**

છે, રોકાણકારો ત્રસ્ત છે, પોર્ટફોલિયો લાલ નિશાનમાં છે, તેવા સમયે શેરબજાર સુધરે અને રોકાણકારોનો પોર્ટફોલિયો પોઝિટિવ થાય તેવી આશા જોવાઇ રહી છે, પણ દેશ મોંઘવારીની સમસ્યાથી પીડાઇ રહ્યું છે, ક્રુડ ઓઇલના ભાવ ઉંચા જઇ રહ્યા છે, તેથી પેટ્રોલ-ડિઝલના ભાવ વધવાની સંભાવના વધી ગઇ છે, રિઝર્વ બેન્ક દ્વારા પણ રેપો રેટમાં વધારો કરવાનું શરૂ કરી દીધું છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે, મોંઘવારીને કાબૂ કરવાનું આ છેલ્લું હથિયાર વાપર્યું છે, અને હજુય મોંઘવારી નિયંત્રણમાં નહીં આવે તો આવનારા સમયમાં વધુ વ્યાજ દર વધી શકે છે.

વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારની સામે આર્થિક યુદ્ધ લડી રહ્યા હોય તેમ મોટા ભાગના વિદેશી રોકાણકારોની સતત વેચવાલી જોવા મળી રહી છે. પહેલાં ઉંચા વેલ્યુએશનના લીધે વિદેશી રોકાણકારો એક્ઝીટ કરતા હતા, પછી એઆઇ બબલની વાત આવી, પણ હવે વેલ્યુએશન પણ ઓકે થઇ ચુક્યા છે, ત્યારે પણ વિદેશી રોકાણકારો સતત બજારથી દુર થઇ રહ્યા છે, તે એવું દર્શાવી રહ્યું છે કે, અમેરિકા ચોતરફી લડાઇ લડવાના મુડમાં હોય. આ એક આર્થિક યુદ્ધ જ સમજી લેવું પડશે. જોકે, સ્થાનિક રોકાણકારોની તાકાતથી બજારમાં મોટો કડાકો આવતો નથી.

પણ સરકારે ઘરેલું રોકાણકારો માટે એસટીટી તથા લોંગટર્મ અને શોર્ટટર્મ કેપિટલ ગેઇન ટેક્સમાં રાહત આપીને બજારમાં રોકાણકારોનો જોશ વધારવાનો પ્રયાસ કરવો જોઇએ.


**પશ્ચિમ રેલવે**

**OHE કાર્ય**

સિનીયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ ઇજનેર (સબ), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400008, ઇ-ટેન્ડર નોટિસ નં.: WR-MMCTOESUB(ESOT)/13/2026, તા.: 06.10.2026થી આમંત્રિત કરે છે. કાર્યનું નામ: ચર્ચગેટ - વિરાર સેક્શન - OHE ઇન્સ્યુલેટર્સ પર એન્ટી-બર્ડ ડિસ્કનું જોડાણ અને OHE સ્ટ્રક્ચર્સ પર HDPE નેટિંગનું જોડાણ. કાર્યની અંદાજિત કિંમત: રૂ. 1,48,91,552/-. બિડ સિક્યોરિટી: રૂ. 2,97,800/-. બંધ થવાની તારીખ અને સમય: 05.11.2026ના રોજ 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય: 05.11.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0686

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**એસી પેકેજ યુનિટનો એએમસી**

વરિષ્ઠ મંડળ વિદ્યુત ઇજનેર (કોચિંગ) મુંબઈ સેન્ટ્રલ-400008, ટેન્ડર નોટિસ નં.: WR-MMCT 0ECOA (ECTD) 18/2026 (કોમ્પ્યુટર નં. 751989) Olo Sr.DEE/ CHG/BCT/WR., તારીખ: 07.10.2026 દ્વારા આમંત્રિત કરે છે. કામનું નામ: મુંબઈ મંડળના વલસાડ, સુરત અને ઉધના કોચિંગ ડેપોના રૂફ માઉન્ટેડ ડિઝાઇનના LHB પ્રકાર અને SG એસી પ્રકારના એસી કોચ પર ફીટ કરેલા વિવિધ મેકવાળા એસી પેકેજ યુનિટનો વાર્ષિક જાળવણી કરાર 1 વર્ષના સમયગાળા માટે. કામનો અંદાજિત ખર્ચ: રૂ. 5,05,25,193.02 બિડ સુરક્ષા: રૂ. 10,10,500/- સબમિટ કરવાની તારીખ અને સમય: 06.11.2026, 15:00 કલાક સુધી ખોલવાની તારીખ અને સમય: 06.11.2026ના રોજ 15:30 કલાકે વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0685

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**સુરત મહાનગરપાલિકા**

**(Visit us at www.Suratmunicipal.gov.in)**

**આકારણી અને વસુલાત વિભાગ**

**સને ૨૦૨૬–૨૭ નાં વર્ષ માટેની આકારણી અંગેની જાહેર નોટિસ**

FIT INDIA

વિસ્તાર : સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ વેસ્ટ ઝોન(રાંદેર)નાં વોર્ડ નં.૧૬–એ,બી,સી,ડી (રાંદેર),૩૮–એ,બી,સી,ડી,ઈ,એફ (જહાગીંરાબાદ), સેન્ટ્રલ ઝોન નાં વોર્ડ નં.૦૧–એ,બી,સી,ડી (નાનપુરા), ૦૭–એ,બી,સી,ડી (સૈયદપુરા), નોર્થ ઝોન (કતારગામ) નાં વોર્ડ નં.૧૫–ડી (ગોટાલાવાડી), ૧૯–એફ (કતારગામ), ઈસ્ટ (વરાછા) ઝોન–એ નાં વોર્ડ નં.૧૮–બી (હીરાબાગ), ૧૮–સી (કાપોદ્રા), ઈસ્ટ ઝોન–બી (નવો પૂર્વ ઝોન (સરથાણા))નાં ૨૦–એ (નાનાવરાછા), સાઉથ ઝોન–એ (ઉધના–એ)નાં વોર્ડ નં.૭૫–એ,બી,સી,ડી,ઈ (વડોદ), સાઉથ ઝોન–બી (કનકપુર) નાં વોર્ડ નં.૭૪–એ (સોનારી), ૭૬–એ,બી,સી (જીઆવ),૭૭–એ,બી (ગભેણી), ૭૮–એ,બી (બુડીઆ), ૧૦૬–એ (પાલી), સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) નાં વોર્ડ નં.૧૩–એ (અઠવા), ૩૬–એ (ઉમરા–સીટી લાઈટ), સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) નાં વોર્ડ નં.૬૬–એ,બી,સી,ડી (પરવત) ના વિસ્તારોમાં આવેલ ઈમારતો / જગાઓના સંદર્ભમાં સને ૨૦૨૬–૨૭ નાં નાણાંકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી " નવી આકારણીની ચોપડી " બાબત

૧/ સને ૧૯૪૯ નાં મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમ (સને ૧૯૪૯ નાં મુંબઈ અધિનિયમ ક્રમાંક – ૫૯) ની અનુસૂચિ–ક ના પ્રકરણ–૮ અન્વયે કરવેરાનાં નિયમોના નિયમ–૨૧ નાં પેટા નિયમ (૨) અન્વયે ઠરાવ્યા મુજબ મજકુર અધિનિયમ અન્વયેનાં મિલ્કતકરોનાં હેતુ માટે સુરતની કોર્પોરેશને નક્કી કરેલ વેસ્ટ ઝોન(રાંદેર) નાં વોર્ડ નં.૧૬–એ,બી,સી,ડી(રાંદેર),૩૮–એ,બી,સી,ડી,ઈ,એફ(જહાગીંરાબાદ), સેન્ટ્રલ ઝોન નાં વોર્ડ નં.૦૧–એ,બી,સી,ડી (નાનપુરા),૦૭–એ,બી,સી,ડી (સૈયદપુરા),નોર્થ ઝોન (કતારગામ)નાં વોર્ડ નં.૧૫–ડી (ગોટાલાવાડી),૧૯–એફ (કતારગામ), ઈસ્ટ (વરાછા)ઝોન–એ નાં વોર્ડ નં.૧૮–બી (હીરાબાગ), ૧૮–સી(કાપોદ્રા), ઈસ્ટ ઝોન–બી(નવો પૂવ ઝોન (સરથાણા))નાં વોર્ડ નં.૨૦–એ (નાનાવરાછા), સાઉથ ઝોન–એ(ઉધના–એ) નાં વોર્ડ નં.૭૫–એ,બી,સી,ડી,ઈ (વડોદ), સાઉથ ઝોન–બી(કનકપુર) નાં વોર્ડ નં.૭૪–એ(સોનારી), ૭૬–એ,બી,સી (જીઆવ), ૭૭–એ,બી (ગભેણી), ૭૮–એ,બી (બુડીઆ), ૧૦૬–એ (પાલી), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા)નાં વોર્ડ નં.૧૩–એ(અઠવા), ૩૬–એ(ઉમરા–સીટી લાઈટ), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) નાં વોર્ડ નં.૬૬–એ,બી,સી,ડી (પરવત)હેઠળનાં સ્થાનિક વિસ્તારોમાં આવેલી ઈમારતો/જમીનો/જગાઓ નાં સંદર્ભમાં મજકુર કરવેરાનાં નિયમોના નિયમ–૯ નાં ખંડ (ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતો સને ૨૦૨૬–૨૭ નાં નાણાંકીય વર્ષથી અમલમાં આવતી નવી આકારણીની ચોપડી તૈયાર કરવામાં આવેલી છે અને તદ્નુસાર મિલકતકરો આકારવાનું, ઉઘરાવવાનું તથા વસુલ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

૨/ મ્યુનિ. વેસ્ટ ઝોન(રાંદેર)ના વોર્ડ નં.૧૬–એ,બી,સી,ડી (રાંદેર), ૩૮–એ,બી,સી,ડી,ઈ, એફ(જહાગીંરાબાદ), સેન્ટ્રલ ઝોન નાં વોર્ડ નં.૦૧–એ,બી,સી,ડી (નાનપુરા), ૦૭–એ,બી,સી,ડી (સૈયદપુરા), નોર્થ ઝોન (કતારગામ) નાં વોર્ડ નં.૧૫–ડી (ગોટાલાવાડી),૧૯–એફ (કતારગામ), ઈસ્ટ(વરાછા)ઝોન–એ નાં વોર્ડ નં.૧૮–બી(હીરાબાગ),૧૮–સી(કાપોદ્રા), ઈસ્ટ ઝોન–બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))નાં વોર્ડ નં. ૨૦–એ(નાનાવરાછા), સાઉથ ઝોન–એ(ઉધના–એ) નાં વોર્ડ નં.૭૫–એ,બી,સી,ડી,ઈ(વડોદ), સાઉથ ઝોન–બી(કનકપુર) નાં વોર્ડ નં.૭૪–એ (સોનારી), ૭૬–એ,બી,સી (જીઆવ), ૭૭–એ,બી (ગભેણી), ૭૮–એ,બી (બુડીઆ), ૧૦૬–એ (પાલી), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા)નાં વોર્ડ નં.૧૩–એ(અઠવા),૩૬–એ (ઉમરા–સીટી લાઈટ), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) નાં વોર્ડ નં. ૬૬–એ,બી,સી,ડી(પરવત) ની આવેલ તમામ ઈમારતો/ જમીનો / જગાઓના સંદર્ભમાં મિલકતવેરો ભરવાને પ્રથમતઃ જવાબદાર વ્યકિતઓ/તેના ધારણ કરનારાઓ/તેના ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી રીતે દાવો કરતી હોય તેવી વ્યકિતઓને, મજકુર કરવેરા નિયમોના નિયમ–૧૩ અને ૧૫ અન્વયે ઠરાવ્યા મુજબ આથી જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, મજકુર નવી આકારણીની ચોપડીની કરવેરાના નિયમોના નિયમ–૯ નાં ખંડ (ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતોને લગતી તમામ નોંધો કે જે મિલકત કરોના હેતુ માટે સને ૨૦૨૬–૨૭ નાં નાણાંકીય વર્ષની શરુઆતથી અમલમાં આવતી હોવાથી મજકુર આકારણીની ચોપડી સુરત મહાનગરપાલિકાનાં જે તે ઝોન કચેરીનાં એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગની કચેરીમાં જાહેર તહેવારોની રજાઓના દિવસો સિવાયના દિવસોએ તા. ૨૬ / ૧૦ /૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન ૧૦.૩૦ ક. થી સાંજે ૬.૧૦ કલાક સુધી (બપોરે ૨.૩૦ ક. થી ૩.૦૦ ક. રીસેષ સિવાય) જોવા માટે ખુલ્લી રાખવામાં આવશે. મજકુર ઈમારત/જમીન/જગાના માલિક/મિલકત કરો ભરવાને પ્રથમતઃ જવાબદાર વ્યકિત/તેના ધારણ કરનાર/તેનો ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી દાવો કરતી હોય તેવી વ્યકિત કે ભોગવટો કરનાર એજન્ટને કોઈપણ ચાર્જ લીધા વગર ઉક્ત ઈમારત/જમીન/જગાને લગતી ઉક્ત ચોપડીનો કોઈપણ ભાગ જોવા દેવામાં આવશે અથવા તેમાંથી કોઈ નોંધના ઉતારા લેવા દેવામાં આવશે.

૩/ આથી જાહેર સુચના આપવામાં આવે છે કે, મિલકત કરોના હેતુ સારૂ સને ૨૦૨૬–૨૭નાં નાણાંકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી અને તેવી મિલકત ઈમારત/જમીન/જગાને લગતી કોઈપણ નોંધ કે નોંધો ની સામે કોઈ ફરિયાદ હોય તો તેવી ફરિયાદના કારણો ટૂંકાણમાં પણ પૂરેપૂરા જણાવી તેવી લેખિત ફરિયાદ (હરકત અરજી) જરુરી સાધનિક પુરાવાઓ સહિત આ નોટિસ પ્રસિધ્ધ થયા બાદ તા. ૨૬ / ૧૦ /૨૦૨૬ સુધીના નિયત સમયમર્યાદામાં મ્યુનિ. કમિશ્નરશ્રીને પહોંચે તે રીતે મોકલી આપવાની રહેશે. વહીવટી સરળતા ખાતર આવી ફરિયાદ અરજી સુરત મહાનગરપાલિકાનાં જે તે ઝોન ખાતેના નાગરિક સુવિધા કેન્દ્રમાં રૂા.૫૦/– નાં ફોર્મમાં રજુ કરવી વધુ હિતાવહ ગણાશે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સિવાયની અન્ય વ્યકિતને સંબોધીને અથવા ઉપરોકત સમયમર્યાદા બહાર રજુ થયેલ અને/અથવા પૂરેપૂરા કારણો જણાવ્યા ન હોય તેવી અને/અથવા અધૂરા કારણોવાળી અને/અથવા જરુરી સાધનિક પુરાવાઓ વગરની કોઈપણ ફરિયાદ/અરજી પર ધ્યાન આપવામાં આવશે નહી. આવી ફરિયાદ અરજી દફતરે કરવાને પાત્ર ઠરશે. પ્રત્યેક ટેનામેન્ટના સંદર્ભમાં સંપૂર્ણ માહિતીઓવાળી અલગ અલગ ફરિયાદ અરજી રજુ કરવાની રહેશે. આ મુજબ કરેલ લેખિત ફરિયાદ અરજીઓની તપાસ અને તેનો નિકાલ મજકુર કરવેરા નિયમો અન્વયે ઠરાવ્યા મુજબ કરવામાં આવશે.

૪/ વધુમાં આવી પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, જો લેખિત ફરિયાદ અરજી નિયત સમયમર્યાદામાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને પહોંચાડવામાં ન આવશે તો મજકુર બાબતમાં એવી વ્યકિત/વ્યકિતઓને કોઈ જ ફરિયાદ નથી તેમ સમજી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૫/ મ્યુનિ. વેસ્ટ ઝોન(રાંદેર)નાં વોર્ડ નં.૧૬–એ,બી,સી,ડી(રાંદેર), ૩૮–એ,બી,સી,ડી,ઈ, એફ(જહાગીંરાબાદ), સેન્ટ્રલ ઝોનનાં વોર્ડ નં.૦૧–એ,બી,સી,ડી(નાનપુરા), ૦૭–એ,બી,સી,ડી (સૈયદપુરા), નોર્થ ઝોન(કતારગામ)નાં વોર્ડ નં.૧૫–ડી(ગોટાલાવાડી), ૧૯–એફ (કતારગામ), ઈસ્ટ(વરાછા)ઝોન–એ નાં વોર્ડ નં.૧૮–બી(હીરાબાગ), ૧૮–સી(કાપોદ્રા), ઈસ્ટ ઝોન–બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))નાં વોર્ડ નં. ૨૦–એ(નાનાવરાછા), સાઉથ ઝોન–એ(ઉધના–એ) નાં વોર્ડ નં.૭૫–એ,બી,સી,ડી,ઈ(વડોદ), સાઉથ ઝોન–બી (કનકપુર)ના વોર્ડ નં.૭૪–એ (સોનારી), ૭૬–એ,બી,સી (જીઆવ), ૭૭–એ,બી(ગભેણી), ૭૮–એ,બી(બુડીઆ), ૧૦૬–એ (પાલી), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા)ના વોર્ડ નં.૧૩–એ(અઠવા),૩૬–એ(ઉમરા–સીટી લાઈટ), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) ના વોર્ડ નં. ૬૬–એ,બી,સી,ડી(પરવત) ની વાંધા અરજીઓ જે તે ઝોનનાં નાગરિક સુવિધા કેન્દ્રમાં સ્વીકારવામાં આવશે તેમજ એસેસમેન્ટ રજીસ્ટરો જે તે ઝોનમાં એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગમાં તા. ૨૬ / ૧૦ /૨૦૨૬ સુધી જોવા માટે ખુલ્લા રાખવામાં આવશે.

૬/ વાંધા અરજી(હરકત અરજી) નિયત કરેલા રૂા.૫૦/– નાં ફોર્મમાં જ રજૂ કરવાની રહેશે. જે અરજી ફોમ સુરત મહાનગરપાલિકાની ઝોન ઓફિસ/ નાગરિક સુવિધા કેન્દ્રો પરથી મળી રહેશે. તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી વિના મૂલ્યે ફોર્મ મેળવી શકશો.

નં.પી.આર.ઓ./૨૮૦/૨૦૨૬-૨૭
તા. ૦૯-૧૦-૨૦૨૬

મ્યુનિ. કમિશ્નર
સુરત મહાનગરપાલિકા



**એક્સિસ બેંક લિમિટેડ**

**ગીરો મૂકેલી મિલકતો એટલે કે સોનાના દાગીનાની હરાજી માટેની જાહેર નોટિસ**

ચોક્કસપણે ધિરાણ લેનારાઓ અને સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે એક્સિસ બેંક દ્વારા નીચે દર્શાવેલ ખાતાઓમાં ગીરો મૂકવામાં આવેલા સોનાના દાગીનાની જાહેર હરાજી નીચે દર્શાવેલ શાખા ખાતે યોજવામાં આવશે.

એવા તમામ ધિરાણ લેનારાઓએ સુરક્ષાના ભાગરૂપે બેંકની તરફેણમાં સોનાના દાગીના ગીરો મૂકીને એક્સિસ બેંક લિમિટેડ પાસેથી ક્રેડિટ સુવિધા ("ગોલ્ડ લોન ફેસિલિટી") મેળવી છે. ધિરાણ લેનારાઓ/જામીનદારોને તેઓની ગોલ્ડ લોન સુવિધા હેઠળની બાકી રકમ ચૂકવવા માટેની માગણી નોટિસો જારી કરવામાં આવી હતી. ધિરાણ લેનારાઓ/જામીનદારો લોનની બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, બેંક ગીરો પર અમલ કરવાની ફરજ પડી છે અને નીચે દર્શાવેલ મિલકતના અનુસૂચિમાં વધુ વિગતવાર વર્ણવેલ ગીરો મૂકેલા સોનાના દાગીનાની હરાજી વેચાણ તા. ૧૨-૧૧-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે "જે છે ત્યાં", "જે સ્થિતિમાં છે ત્યાં", "જે કંઈ પણ છે તે" અને "કોઈ રીકોર્સ ધોરણે નહીં"ના આધારે હાથ ધરવાનું પ્રસ્તાવિત કર્યું છે. હરાજી નીચે મુજબના સ્થળે યોજાશે:

ધિરાણ લેનારાઓની વિગતો અને બાકી રકમ

| ગ્રાહકનું નામ | લોન ખાતા નં. | બાકી રકમ (રૂા.) | રીકોલ નોટિસ તારીખ | કુલ વજન | ચોખ્ખું વજન |
|---|---|---|---|---|---|
| શાખાનું નામઃ અડાજણ, સુરત [GJ] | | | | | |
| શાશ્વત મહેશ્વરી | XXXXXXXXXXX8522 | 409796.00 | 4-Sep-26 | 59.780 | 38.980 |
| શાખાનું નામઃ એકે રોડ [GJ] | | | | | |
| લુખી લાલજીભાઈ હરેશભાઈ | XXXXXXXXXXX4809 | 177752.52 | 14-Aug-26 | 29.580 | 27.380 |
| શાખાનું નામઃ અઠવાલાઇન્સ [GJ] | | | | | |
| સ્વાતિ વિહાન ચતુર્વેદી | XXXXXXXXXXX9808 | 1402422.80 | 13-Jul-26 | 172.400 | 158.500 |
| શાખાનું નામઃ ભરૂચ [GJ] | | | | | |
| ઇસ્માઇલ મહંમદ દેમા | XXXXXXXXXXX5316 | 668023.28 | 16-Sep-26 | 83.900 | 81.200 |
| ઇસ્માઇલ મહંમદ દેમા | XXXXXXXXXXX4287 | 591770.00 | 16-Sep-26 | 61.000 | 59.900 |
| કિન્નરી અમીન | XXXXXXXXXXX5886 | 479563.10 | 7-May-26 | 58.400 | 56.900 |
| શાખાનું નામઃ ગજેરા રોડ [GJ] | | | | | |
| ગીતાબેન અશોકભાઈ કલથીયા | XXXXXXXXXXX9017 | 825215.00 | 4-Sep-26 | 101.390 | 80.090 |
| શાખાનું નામઃ કતારગામ, સુરત [GJ] | | | | | |
| નીરજ કુમાર સિંહ | XXXXXXXXXXX9589 | 187671.90 | 16-Sep-26 | 36.500 | 35.300 |
| પ્રજાપતિ મીતુલકુમાર શંકરભાઈ | XXXXXXXXXXX0661 | 96000.00 | 4-Aug-26 | 28.600 | 28.000 |
| શાખાનું નામઃ મગોબ, સુરત [GJ] | | | | | |
| હરેશભાઈ રાઘાભાઈ સાંગાણી | XXXXXXXXXXX3276 | 561078.00 | 4-Sep-26 | 95.900 | 93.100 |
| પટેલ મનોજકુમાર રમેશભાઈ | XXXXXXXXXXX4697 | 260890.62 | 16-Sep-26 | 32.600 | 31.200 |
| વાઘમાશી ચેતન શામળાભાઈ | XXXXXXXXXXX1706 | 817318.00 | 16-Sep-26 | 83.800 | 78.000 |
| શાખાનું નામઃ મહુવા [GJ] | | | | | |
| કામલિયા બાલાભાઈ ખોડાભાઈ | XXXXXXXXXXX8733 | 187843.12 | 4-Sep-26 | 30.500 | 26.300 |
| લાલભાઈ મલાભાઈ રાઠોડ | XXXXXXXXXXX1925 | 154016.50 | 4-Sep-26 | 18.700 | 17.000 |
| શાખાનું નામઃ માંડવી, કચ્છ [GJ] | | | | | |
| કુમારી શ્રેયા મિશ્રા | XXXXXXXXXXX0193 | 432276.77 | 16-Sep-26 | 70.500 | 67.700 |
| લતાબેન જિજ્ઞેશ રૂડાણી | XXXXXXXXXXX1637 | 516038.26 | 16-Sep-26 | 71.400 | 62.700 |
| રાયમા સાબિરાલી લિયાશ | XXXXXXXXXXX0844 | 100673.40 | 16-Sep-26 | 9.800 | 9.600 |
| સાંગર રણબાઈ | XXXXXXXXXXX3770 | 128463.54 | 16-Sep-26 | 31.400 | 27.000 |
| શાખાનું નામઃ મોટા વરાછા સુરત [GJ] | | | | | |
| કોરાટ ભાવેશ અશ્વિનભાઈ | XXXXXXXXXXX8032 | 78027.00 | 4-Sep-26 | 10.230 | 7.830 |
| શાખાનું નામઃ નેહરુ સ્ટ્રીટ વાપી [GJ] | | | | | |
| સૂરજ નાગેન્દ્ર પાંડે | XXXXXXXXXXX5740 | 264701.71 | 4-Sep-26 | 32.700 | 30.200 |
| શાખાનું નામઃ સ્ટેશન રોડ એનએ [GJ] | | | | | |
| સ્વાતિ નિલેશ સોલંકી | XXXXXXXXXXX8234 | 162377.00 | 4-Sep-26 | 21.300 | 20.900 |
| શાખાનું નામઃ સુરત [GJ] | | | | | |
| હર્ષિત સુનિલ ગઢાણી | XXXXXXXXXXX1153 | 1829338.00 | 13-Jul-26 | 211.400 | 187.200 |
| રમેશ મોરા | XXXXXXXXXXX9220 | 228311.46 | 4-Sep-26 | 30.400 | 27.400 |
| રમેશ મોરા | XXXXXXXXXXX3843 | 50086.00 | 4-Sep-26 | 6.800 | 6.100 |
| શાખાનું નામઃ ઉત્રાણ [GJ] | | | | | |
| દીપકકુમાર પરસોત્તમ બાલચંદાણી | XXXXXXXXXXX1393 | 1050000.00 | 16-Sep-26 | 123.520 | 113.020 |
| દીપકકુમાર પરસોત્તમ બાલચંદાણી | XXXXXXXXXXX7084 | 751083.13 | 16-Sep-26 | 115.100 | 104.800 |
| શાખાનું નામઃ વાપી [GJ] | | | | | |
| પટેલ કામિનીબેન વિજેન્દ્રભાઈ | XXXXXXXXXXX2987 | 1397005.17 | 4-Sep-26 | 132.400 | 127.100 |
| શેખ ઇર્શાદ અહેમદ શબ્બીર અહેમદ | XXXXXXXXXXX1663 | 121973.00 | 20-Jul-26 | 11.100 | 10.500 |
| સુથાર ધર્મરાજ ચંપાલાલ | XXXXXXXXXXX2167 | 362098.00 | 4-Sep-26 | 71.700 | 65.800 |
| વિજેન્દ્ર ડાહ્યાભાઈ પટેલ | XXXXXXXXXXX1046 | 1354217.00 | 4-Sep-26 | 124.900 | 118.100 |
| શાખાનું નામઃ વરાછા રોડ, સુરત [GJ] | | | | | |
| ગૌરવ કરણસિંહ પરમાર | XXXXXXXXXXX5161 | 519456.00 | 4-Sep-26 | 68.400 | 58.600 |
| વિમલકુમાર નરસિંહભાઈ ગોયાણી | XXXXXXXXXXX4784 | 429697.00 | 14-Aug-26 | 78.400 | 72.900 |

ટેન્ડરના નિયમો અને શરતો

મૂળ અનામત કિંમત હરાજીના દિવસ/તારીખે ટેન્ડરધારીઓને આપવામાં આવશે જેના પર હરાજીની બોલી ધ્યાનમાં લેવામાં આવશે. બેંક દ્વારા પૂરા પાડવામાં આવેલ નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં જ બોલી/ઓફર્સ બોલી લગાવવા માટે ધ્યાનમાં લેવામાં આવશે.

અધૂરા બોલી ફોર્મ/ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે અને તેને રદ કરવામાં આવશે.

નિયમો અને શરતો સાથેના ટેન્ડર દસ્તાવેજો ઉપરોક્ત શાખામાંથી મેળવી શકાશે. યોગ્ય રીતે ભરેલું ટેન્ડર દસ્તાવેજ તા. 12-11-2026ના રોજ કામકાજના કલાકો દરમિયાન સંબંધિત શાખાના અધિકારીને સુપરત કરવાનું રહેશે. નિયત તારીખ પછી મળેલા ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ઉક્ત મિલકતો "જે છે ત્યાં", "જે સ્થિતિમાં છે ત્યાં", "જે કંઈ પણ છે તે" અને "કોઈ રીકોર્સ ધોરણે નહીં"ના આધારે વેચાણ માટે ઓફર કરવામાં આવે છે. બેંક ઉક્ત મિલકતના સંદર્ભમાં પ્રમાણ, શુદ્ધતા અને/અથવા અન્ય કોઈપણ લેણાં, કર (જો કોઈ હોય તો) અંગેની કોઈ જવાબદારી સ્વીકારતી નથી.

ટેન્ડરધારીઓની હાજરીમાં હરાજીની તારીખે બેંક દ્વારા ટેન્ડરો ખોલવામાં આવશે, જેઓ ઉપર જણાવ્યા મુજબના દિવસ અને સમયે પોતાની સંબંધિત ઓફર્સ વધારવા/સુધારવા માટે ઉપસ્થિત રહેવાનું પસંદ કરી શકે છે.

ઉપર જણાવેલ શાખાના નામો. હરાજીની તારીખ: 12-11-2026

એકવાર સબમિટ થયા પછી ઓફર/ટેન્ડર પાછું ખેંચી શકાશે નહીં અને જો ચોક્કસ વસ્તુ/મિલકત/દાગીના માટે એક જ બોલી/ઓફર હોય તો બોલી લગાવનાર બોલીની રકમ જમા કરવા માટે જવાબદાર રહેશે.

જો ચોક્કસ વસ્તુ/મિલકત/દાગીના માટે એક કરતાં વધુ બોલીઓ હોય, તો બોલી લગાવનારાઓ વચ્ચે પરસ્પર બોલી યોજાશે અને સૌથી વધુ બોલી લગાવનારને સફળ બોલી લગાવનાર તરીકે જાહેર કરવામાં આવશે.

બોલી લગાવનારે તમામ KYC દસ્તાવેજો એટલે કે પાન નંબર, પાન કાર્ડ, આધાર કાર્ડ અને સરનામાનો પુરાવો વગેરે સબમિટ કરવા પડશે. બોલી લગાવનારે માન્ય ઈ-મેલ આઈડી અને સંપર્ક નંબર સબમિટ કરવાનો રહેશે.

બેંક તેના સંપૂર્ણ વિવેકાધીન અધિકાર મુજબ ઓફર સ્વીકારવાનો કે નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ઉક્ત મિલકતના વેચાણ/વેચાણ ્માટેની ઓફરથી ઉદ્ભવતા કોઈપણ વિવાદો/મતભેદો માત્ર મુંબઈની અદાલતો/ટ્રિબ્યુનલ્સના અનન્ય અધિકારક્ષેત્રને આધીન રહેશે.

તારીખ: 12.10.2026
સ્થળ: ભરૂચ, મહુવા, માંડવી, નવસારી, સુરત, વાપી

અધિકૃત અધિકારી
એક્સિસ બેંક લિમિટેડ



इंडियन बैंक Indian Bank | इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧–૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત–૩૯૫૦૦૭

**ઈ–હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II**

Bank Website | E-Auction Website

ધી સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ–હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 28/10/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિમંત/ઈએમડી અને ઈ–ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | શાખા | કરજદાર/ જામીનદારો/ મોર્ગેજરોના નામ | તારીખા ના રોજ કુલ બાકી | ડિમાન્ડ નોટીસની તારીખ | સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો. | કબજાનો પ્રકાર | અનામત કિમંત / ઈએમડી (રૂા.) | મિલકતનો ID નંબર. | અધિકૃત અધિકારીનું નામ અને મો.નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | બરોડા રાજમહેલ રોડ | શ્રી મકવાણા હસમુખ નટવરભાઈ (કરજદાર અને મોર્ગેજર) | તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૨૧,૭૦,૪૦૯.૪૪ | ૧૬/૦૩/૨૦૨૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર રહેણાંક મિલકત જે જાણીતી યોજના ''કૃપા રેસીડેન્સી'' ફલેટ નં. સી–૨૦૩, બીજો માળ, ટાવર–સી, એપીએમસી માર્કેટ સામે, આજવા રોડ, વડોદરા. જેના બિલ્ટપ વિસ્તારનું માપ ૭૫.૨૫ ચો.મીટર્સ. અને ૨૬.૬૦ ચો.મીટર્સ માપ ધરાવતા કોમન રસ્તા અને કોમન પ્લોટની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત. જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૮૮/પી, ફાઈનલ પ્લોટ નં. ૧૨ (જૂનો ફાઈનલ પ્લોટ નં.૧૦), ટી.પી. સ્કીમ નં. ૨, મોજે ગામઃ સયાજીપુરા, વડોદરા સહિત નોંધણી જિલ્લો અને સબ જિલ્લો વડોદરા. મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ લાગુ ટાવર–ડી, દક્ષિણેઃ લાગુ ફલેટ નં. સી–૨૦૨, પૂર્વેઃ લાગુ ફલેટ નં. સી–૨૦૪, પશ્ચિમેઃ લાગુ ફાઈનલ પ્લોટ નં. ૧૩. | સાંકેતિક | 19,45,000/- / 1,94,500/- | IDIB30653406313 | Mr. Rameshwar Lal Prajapati (M) 75685 07016 |
| ૨. | ભરૂચ | (૧) શ્રી પઠાણ ઈરફાન કાલુભાઈ (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતિ શબાના ઈરફાન પઠાણ (સહ–કરજદાર અને મોર્ગેજર) | તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૨૦,૩૬,૪૭૧.૪૫ | ૦૯/૦૨/૨૦૨૬ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત પ્લોટ નં. ૧૦, સનસીટી, જેના વિસ્તાર માપ ૭૮.૨૪ ચો.મીટર્સ, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં.૫૧, જાહેરાત બાદ નવો રેવન્યુ સર્વે નં. ૧૫૩, સાનિધ્ય રો હાઉસ સામે, ડ્રીમ સીટી નજીક, જીતાલી રોડ, દઘાલ, અંકલેશ્વર, જિલ્લોઃ ભરૂચ, ગુજરાત–૩૯૩૦૦૩. જે મિલકત શ્રી પઠાણ ઈરફાન કાલુભાઈ અને શ્રીમતિ શબાના ઈરફાન પઠાણ ના નામની. મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ રે. સર્વે નં., દક્ષિણેઃ સોસાયટીનો આંતરીક રસ્તો, પૂર્વેઃ પ્લોટ નં. ૦૯, પશ્ચિમેઃ જોડાયેલ રે. સર્વે નં. | પ્રત્યક્ષ | 12,07,000/- / 1,20,700/- | IDIB3304347006 | Mr. Ashok Raja M (M) 9173291320 |
| ૩. | જીઆઈડીસી અંકલેશ્વર | (૧) શ્રી અમોલ રાજેન્દ્ર સોનાવણે (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતી શોભા રાજેન્દ્ર સોનાવણે (કરજદાર અને મોર્ગેજર) | તા.૦૮/૧૦/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૧૪,૨૧,૭૩૬.૫૦ | ૦૫/૦૯/૨૦૨૨ | મિલકતની જમીન અને બિલ્ડીંગ જે ઘર નં. ૩૫ ''સહયોગ રેસીડેન્સી'' નામની રહેણાંક સ્કીમમાં, માપ ૪૪.૬૨ ચો.મીટર્સ, અયોધ્યાપુરમ ટાઉનશીપ–૩ પાસે, કાપોદ્રા રોડ, જેની સાથે જમીન ઉપર તમામ સુવિધાઓમાં અવિભાજીત હિસ્સા સહિત સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૪૩૮ (જુનો રે.સ. નં.) જે ગામ– કોસમડી, તાલુકા – અંકલેશ્વર, જીલ્લો– ભરૂચ–૩૯૩૦૦૧, ગુજરાત રાજ્યની હદમાં સ્થિત છે જે શ્રી અમોલ રાજેન્દ્ર સોનાવણે અને શ્રીમતી શોભા રાજેન્દ્ર સોનાવણે ના નામની છે. ચર્તુદિશાઃ ઉત્તરેઃ સોસાયટીનો રસ્તો, દક્ષિણેઃ પ્લોટ નં. ૨૪, પૂર્વેઃ પ્લોટ નં. ૩૬, પશ્ચિમેઃ પ્લોટ નં. ૩૪. | પ્રત્યક્ષ | 7,00,000/- / 70,000/- | IDIB0213087F02 | Mr. Ashok Raja M (M) 9173291320 |

**બીડ વધારવાની કિમંત રૂા.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૨૮/૧૦/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ–ઓકશન તારીખ અને સમય પહેલા.**

**મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૧૨/૧૦/૨૦૨૬ થી ૨૭/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ–ઓકશનની તારીખ અને સમય : ૨૮/૧૦/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)**

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction serviceprovider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No.8291220220, email ID: - support.baanknet@psballiance.com and other help line numbersavailable in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd.and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of the property and auction terms and conditions please visit: https://baanknet.com and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com

સરફેસી એકટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૧૫ દિવસની વેચાણ નોટિસ

(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

તારીખ: ૧૨/૧૦/૨૦૨૬,
સ્થળ: સુરત.

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.